# ભિલોડામાં હેન્ડ પંપો શોભાના ગાંઠીયા સમાન : મહિલાઓ હેરાન-પરેશાન

## ઉનાળાની ઋતુ દરમ્યાન આકરા અસહ્ય તાપમાનના આક્રમણ વચ્ચે અગનજ્વાળાઓમાં પ્રજાજનો શેકાયા : ભિલોડામાં ૪૦ ડિગ્રી ગરમીથી પ્રજાજનો પરસેવાથી રેબઝેબ : જળાશયોના તળીયા દેખાયા ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ

ભિલોડા, તા.૨૩

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઉનાળાની ઋતુ દરમ્યાન આકરા અસહ્ય તાપમાનના આક્રમણ વચ્ચે અગનજ્વાળાઓમાં પ્રજાજનો રીતસરના શેકાઈ રહ્યા છે. ભિલોડામાં ૪૦ ડિગ્રી ગરમીથી પ્રજાજનો પરસેવાથી રેબઝેબ બન્યા છે. જળાશયો, કુવાના તળીયા દેખાયા અમુક ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ હોવાનું જાણવા મળેલ છે. અમુક ગ્રામ્ય વિસ્તારોમાં હેન્ડ પંપો શોભાના ગાંઠીયા સમાન હોવાના કારણે ગ્રામિણ વિસ્તારની મહિલાઓ હેરાન-પરેશાન હોવાનું જાણવા મળેલ છે. ભિલોડામાં ૪૦ ડિગ્રી સુધી ગરમીનો પારો પહોંચી ગયો છે. દેહ દઝાડતી અસહ્ય કાળઝાળ ગરમીથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પ્રજાજનો અસહ્ય ગરમીના કારણે પરસેવાથી રેબઝેબ થઈ જતા હોય છે. યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓની બેદરકારીના કારણે વારંવાર વીજ પુરવઠો ખોરવાતા પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુકાતા હોય છે. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાં આવેલ સીમવિસ્તારોમાં સીમાડાઓ સુમસામ ભાસતા હોય છે. ઉનાળાની ઋતુ દરમ્યાન અસહ્ય કાળઝાળ ગરમીના પગલે ભિલોડાના હાર્દસમા માર્ગો ઉપર જાણે કે કરફ્યું જેવો માહોલ જોવા મળતો હોય છે. એક તરફ લગ્નસરાની સીઝન પુરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે ભિલોડાના બજારોમાં ધુમ ઘરાકી જોવા મળતી હોય છે. વેપારીઓને તો જાણે કે ઘી-કેળાં થઈ ગયા હોય તેમ લોકમુખે જાણવા મળેલ છે. ઉનાળાની ઋતુ દરમ્યાન દિન-પ્રતિ-દિન અસહ્ય કાળઝાળ દેહ દઝાડતી ગરમીનો પારો એકા-એક વધતાં પ્રજાજનોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકમાં આવેલા જળાશયો, કુવા, રીંગબોરમાં પાણીનો જથ્થો ઓછો થયેલ હોવાના કારણે આગામી દિવસોમાં પાણીની તીવ્ર તંગી વર્તાશે તેવા એંધાણ વર્તાય રહ્યા છે. વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા આગોતરૂ આયોજનબધ્ધ કાર્યવાહી કરવી અત્યંત તાતી જરૂરીયાત છે. ભિલોડા તાલુકાના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ સુજલામ્ સુફલામ્ યોજના, નર્મદાના નીર આપવાની મોટી-મોટી ગુલબાંગો પોકળ પુરવાર થઈ રહી હોય તેમ લોકમુખે જાણવા મળેલ છે. જળાશયોમાં પાણી ભરવામાં આ બધી યોજનાઓ કામમાં આવતી નથી. ભિલોડા તાલુકાના અમુક ગ્રામ્ય વિસ્તારોમાં શુધ્ધ પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. આગામી દિવસોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ભિલોડા તાલુકામાં મીનરલ પાણીના નામ ઉપર બે નંબરોનો ધિકતો ધંધો બે નંબરીયા વેપારીઓ કરી રહ્યા છે સાથે-સાથે પ્રજાજનોના આરોગ્ય સાથે ચેંડા થઈ રહ્યા છે પરંતુ વહીવટી તંત્ર આંખ આડા કાન કરે છે. આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ આ વર્ષે જો ચોમાસુ નિષ્ફળ જશે તો જળ સંકટની ગંભીર સમસ્યા સર્જાશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.





## સદભાવના ગ્રુપ દ્વારા ધાણધા ગામે કુંડા અને માં-વાત્સલ્ય કાર્ડનું વિતરણ

પાલનપુર, તા. ૨૩

બનાસકાંઠા જીલ્લામાં સરકારી યોજનાઓને ગામડાના સાચા લાભાર્થી સુધી પહોચાડવા માટે સદભાવના ગ્રુપ ધાણધાના યુવાનો દ્વારા ગુજરાત સરકારની માં-વાત્સલ્ય યોજનાથી ગામના લોકોને વાકેફ કરી તેમના ડોક્યુમેન્ટ એકત્રિત કરી ગામમાં જ ૩૦૦ કુટુંબોને માં વાત્સલ્ય યોજના ના કાર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

મહાવીર જયંત નિમિતે ધાણધા ગામમાં સદભાવના ગ્રુપ દ્વારા ગામમાં ૨૫૦ પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુંડાનું વિતરણની સાથે સાથે જાહેર જગ્યાઓ પર સદભાવના ગ્રુપના યુવાનો દ્વારા જ્યાં પાણી પક્ષીઓ વધારે સંખ્યામાં એકત્રિત થતા હોય એવી જગ્યાએ જાતે કુંડા લગાવવામાં આવ્યા હતા. અને આ જહેર જગ્યામાં બાંધેલ કુંડામાં પાણી ભરવાની જવાબદારી પણ ગામના સદભાવના ગ્રુપના યુવાનો ઉપાડશે. પાણીના કુંડાના વિતરણની સાથે સાથે કુંડા લઈ જનાર દરેક ગામના વ્યકિતને સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો કે અમે નિયમત પાણી તેમાં ભરીશું.

આ બન્ને કાર્યક્રમ ને સફળ બનાવવામાં માટે સદભાવના ગ્રુપના જગદીશ કોરોટ, ધવલ દરજી, નીકુલ ચૌધરી, સંજય ચાવડા, પીયુષ જુનરવાડીયા, જેન્તી ભીલડીયા, હિતેશ ચૌધરી, માનસંગ ચાવડાએ ભારે જહેમત ઉઠાવેલ.

## ભિલોડા તાલુકાના મઉંટાડાં ગામની પરણીતાને સાસરીયાઓ ધ્વારા ત્રાસ ગુજારાતાં ચકચાર

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મઉંટાડાં ગામની પરણીતાને સાસરીયાઓ ધ્વારા ત્રાસ ગુજારાતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ મઉંટાડાં ગામના સવિતાબેન રાવણભાઈ વણઝારાના લગ્ન જીવનના ટુંકાગાળામાં સાસરીયાઓ ધ્વારા શારીરીક, માનસીક ત્રાસ ગુજારી અવાર-નવાર ગળદાપાટુનો માર મારી સુવાવડ બાબતના રૂપિયાની વારંવાર માંગણી કરી સાસરીયાઓ ધ્વારા માનસિક ત્રાસ ગુજારતા હતા જેના કારણે પરણિત મહિલા સવિતાબેન લગ્નજીવનના ટુંકાગાળામાં ત્રાહિમામ પોકારી ગયા હતા.

સવિતાબેન વણઝારાએ સાસરીયાઓ વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ મીથુનભાઈ જેતાભાઈ વણઝારા, જેતાભાઈ મોતીભાઈ વણઝારા, ઈશ્વરભાઈ જેતાભાઈ વણઝારા, કોકીલાબેન ઈશ્વરભાઈ વણઝારા તમામ રહેવાસી. મઉંટાડાં, તા.ભિલોડા વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

## બડોલીના લાડાબાવજી મંદિર પાસે કાર ઝાડ સાથે ટકરાતા એકનું મોત : ત્રણને ઈજા

હિંમતનગર, તા. ૨૩

ઈડર તાલુકાના બડોલી ગામ પાસે આવેલ લાડાબાવજી મંદિર નજીકથી મંગળવારે રાત્રે પસાર થઈ રહેલ એક કારનું ટાયર ફાટતા કાર ઝાડ સાથે ટકરાઈ હતી. જેથી કારમાં બેઠેલ એક જણાનું મોત નિપજયુ હતું. તેમજ ત્રણ જણાને ઈજા થઈ હતી. જે અંગે બડોલી ઓપીમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ બડોલીના લાડાબાવજી મંદિર નજીકથી મંગળવારે રાત્રે કાર નં.જીજે.૯.એજે.૮૪૧૪ ને લઈ દિનેશભાઈ શંકરભાઈ ચૌધરી (રહે.ખરબડા, તા.વિસનગર) જઈ રહ્યા હતા ત્યારે અચાનક ટાયર ફાટતા કાર ઝાડ સાથે ટકરાઈ હતી. જેથી તેમાં બેઠેલા કરણ ઉર્ફે બબુલ હસમુખભાઈ દેસાઈ (ઉ.વ.૨૧, રહે.કડીયાદરા) ને ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ તેમનું મોત નિપજયુ હતું. જયારે મહેસાણા જિલ્લાના દેલા ગામના નાગેશકુમાર મફતલાલ ચૌધરી, કડીયાદરાના જીગરભાઈ પ્રવિણભાઈ દેસાઈ અને ખરબડાના દિનેશભાઈ શંકરભાઈ ચૌધરીને ઈજા થઈ હતી. દરમિયાન પેટ્રોલીંગ માટે નીકળેલા ઈડરના પી.એસ.આઈ. ગોહિલને ખબર પડતા તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી ઈજાગ્રસ્તોને ઈડર સિવિલમાં ખસેડયા હતા. અકસ્માતની ઘટના અંગે મૃતકના માસા ભરતભાઈ દલજીભાઈ દેસાઈની ફરિયાદને આધારે બડોલી ઓપીમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

## રીંટોડા પ્રાથમીક શાળામાં વિદ્યાર્થીઓનો વિદાય સામારંભ યોજાયો

ભિલોડા તાલુકાના રીંટોડા ગામની રીંટોડા પ્રાથમીક શાળામાં ધોરણ.૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સામારંભ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારી ડી. ડી. વણકર, કેળવણી નિરીક્ષક, ભિલોડા બી. આર. સી. કો. ઓ. કચરાભાઈ પટેલ, રીંટોડા પ્રાથમીક શાળા આચાર્ય મહેન્દ્રભાઈ પંચાલ, સ્ટાફ પરીવાર, એસ. એમ. સી. સભ્યો, રીંટોડા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ધોળીવાવ કંપા પાસે બે બાઈક સામસામે ટકરાતા એકનું મોત

વિજયનગર તાલુકાના ધોળીવાવ કંપા પાસેથી ગત તા.૧૭ એપ્રિલના રોજ પસાર થઈ રહેલ બે બાઈક સામસામે ટકરાતા ગંભીર ઈજાને કારણે એક જણાનું મોત નિપજયુ હતું. જે અંગેની ફરિયાદ મંગળવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

ગત તા.૧૭ એપ્રિલના રોજ ધોળીવાવ કંપા પાસેથી બાઈક નં.જીજે.૦૯. પી.૪૦ ના ચાલકે બાઈકને ગફલત ભરી રીતે હંકારી કાબુ ગુમાવી દેતા સામેથી આવતા બાઈક નં.જીજે.૦૯.સીકે.૩૧૨૬ ને ટક્કર મારી મહેશભાઈને ગંભીર ઈજા પહોંચાડતા તેમનું મોત નિપજયુ હતું. જીતેન્દ્રભાઈને પણ ઈજા થઈ હતી.

## ઈડરના ગંભીરપુરા પાસેથી દારૂ-બિયર પકડાયો

ઈડરના ગંભીરપુરા પાસે આવેલ પાંચમહુડા પ્રાથમિક શાળા નજીકથી બુધવારે બાઈક પર બે અજાણ્યા ઈસમો રૂા.૨૦,૧૦૦ નો દારૂ અને બિયરનો જથ્થો લઈને જતા હતા. જે અંગે એલસીબીને બાતમી મળતા બાઈકમાંથી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો.

પાંચમહુડા પ્રાથમિક શાળા નજીકથી બુધવારે એક બાઈક પર બે અજાણ્યા શખ્સો દારૂની રૂા.૧૬,૫૦૦ ની તથા રૂા.૩૬૦૦ની કિંમતનો બિયર બે અજાણ્યા શખ્સો લઈને જઈ રહ્યા હતા. જે અંગે એલસીબીના પી.આઈ. એસ.ડી. પટેલને ખબર પડતા તેમને રોકયા હતા. જોકે અંધારાનો લાભ લઈને આ બંને અજાણ્યા શખ્સો બાઈક મુકી ભાગી ગયા હતા.



પ્રાંતિજ ખાતે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અંતર્ગત જાયન્ટસ ગ્રુપ ઓફ પ્રાંતિજ દ્વારા એન્ટરટેનમેન્ટ કે લીયે કુછ ભી કરેગા કાર્યક્રમનું જીન્માસ્ટીક આર્ટીસ્ટો દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકોએ રૂબરૂ કાર્યક્રમ નિહાળી દંગ બની ગયા હતા. પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ પાસે આવેલ શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલના મેદાનમાં જાયન્ટસ ગૃપ દ્વારા એન્ટર ટેનેમેન્ટ કે લીયે કુછ ભી કરેગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આવનાર મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં મહેમાનોના સન્માન બાદ બે સામાજિક કાર્યકરો ડૉ. બાબુભાઈ પટેલ તથા જોયતાભાઈ પટેલ તથા બે જાયન્ટસ મેમ્બર હરેશભાઈ દરજી તથા વજેશભાઈ ભાવસારનું ફૂલ છડી શાલ અને સન્માન પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

## ઓરાણ સાબરમતી નદીમાં ન્હાવા પડેલ ૧૩ વર્ષના કિશોરનું ડુબી જતા મોત

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઓરાણ સાબરમતી નદીમાં અમદાવાદના ચાર કિશોર ન્હાવા પડયાં હતાં. જેમાં એક કિશોરનું પાણીમાં ડુબી જતાં મોત નિપજ્યું છે.

મળતી માહિતી મુજબ હનુમાન જયંતિ હોવાથી ડેમરાના ડેરા (મીની બગદાણા) ખાતે અમદાવાદ-વસ્ત્રાલ મહાદેવનગર સુમીનપાર્ક ખાતે રહેતા પટેલ જોગીન્દ્રભાઈનો પુત્ર લકી ઉ.વર્ષ-૧૩ જે પડોશીઓ સાથે ડેમરાના ડેરા હનુમાન મંદિર ખાતે દર્શન કરવા માટે આવ્યો હતો અને તેના મિત્રો સાથે પાસે આવેલ સાબરમતી નદીમાં ન્હાવા પડતાં પાણીમાં ડુબી જવાથી મોત નિપજ્યું હતું જયારે બુમાબુમ થતાં ગામજનો દોડી આવ્યા હતાં અને સ્થાનિક તૈરવયાઓની મદદથી મૃતક કિશોરને બહાર કાઢવામાં આવ્યો હતો જયારે પ્રાંતિજ પોલીસને જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતક કિશોરને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પી.એમ માટે મોકલવામાં આવ્યો હતો.

જયારે અવારનવાર અંહિ ડુબવાના બનાવો બનવા છતાં તંત્ર દ્વારા કોઈ ચેતવણી બોર્ડ લગાવવા આવ્યું નથી અને અગાઉ ૧૫ દિવસ પહેલાં બે યુવાનો ના પાણી માં ડુબીજવાથી મોત નિપજયા હતાં અને અવારનવાર બનતી ઘટના છતાં તંત્ર ઉધતું હોય તેવું હાલ તો જણાઈ આવે છે. જયારે પ્રાંતિજ જાયન્ટસ ગૃપ દ્વારા પ્રાંતિજ તથા તાલુકામાં આવેલા ધાર્મિક સ્થળો પાસે આવેલ નંદીઓમાં કોઈએ ન્હાવા નહીં પડવુંના ચેતવણી બોર્ડ લગાવવા માટે પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ગ્રામજનોના જણાવ્યાં પ્રમાણે સાબરમતી નદીમાં રેતીની લીઝોના કારણે રાત દિવસ નિયમોને નેવે મુકીને ખોદકામ કરી ગેરકાયદેસર રેતી વહન કરી ઉંડી ખાઈઓ કરે છે અને કેટલીક જગ્યાએ ઈલેટ્રોનિક નાવો મુકીને ગેરકાયદેસર રેતી ખેંચવામાં આવે છે જેથી યોગ્ય તપાસ થાય તેવી ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.

## આંબામહુડા ખાતે નિર્વિધ્ને ભીમ ભાલકાનો મેળો સંપન્ન

હિંમતનગર, તા. ૨૩

પોશીના તાલુકાના આંબામહુડા ગામે શુક્રવારે પરંપરાગત રીતે ભરાતા વનવાસીઓનો ભીમ ભાલકાનો મેળો વિના વિધ્ન સંપન્ન થયો હતો. આ મેળામાં ઉભી કરાયેલી વિવિધ ચીજવસ્તુઓની હાટડીઓમાંથી વનવાસી પ્રજાએ ખરીદી કરી હતી. તેમજ યુવક-યુવતીઓએ રંગબેરંગી પોશાકમાં લોકગીતો ગાઈ ચકડોળમાં બેસી મેળાની મજા માણી હતી. બપોરના સમયે મેળામાં ભારે ભીડ જામી હતી. મેળા દરમિયાન આંબામહુડાના સરપંચ જેથુબેન, મંત્રી હેમંતભાઈ જોષી, તાલુકા પંચાયતના પ્રમુખ મનુભાઈ પરમાર સહિત સ્થાનિક લોકોને પીવાના પાણીથી લઈને અન્ય સુવિધાઓ પુરી પાડવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. મેળા દરમિયાન પોશીના પોલીસ દ્વારા સતત પેટ્રોલીંગ કરાતા કોઈ અનિચ્છનીય ઘટના બનવા પામી ન હતી.

## સિંહી ગામે ગોડાઉનમાંથી ૫ લાખની મત્તાની જીરૂ-વરીયાળીની ૧૦ બોરીઓની ચોરી

ઊંઝા, તા. ૨૩

ઊંઝા નજીકના સિંહી ગામની સીમમાં આવેલ બાલાજી એસ્ટેટના ગોડાઉનમાંથી રાત્રીના સમયે કોઈ તસ્કરો રૂપિયા ૫,૧૪,૮૦૦ની કિંમતની મત્તાની વરિયાળી અને જીરાની બોરીઓ ઉઠાંતરી કરી ગયા બાબતે ઉનાવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલ છે.

વિગત એવી છે કે ઊંઝા નજીકના મક્તુપુર ગામના રાજેન્દ્ર અમૃતલાલ પટેલે સિંહી ગામની સીમમાં આવેલ બાલાજી એસ્ટેટ ગોડાઉનમાં જીરા અને વરિયાળીની બોરીઓનો જથ્થો રાખેલ હતો. ગત તા. ૧૮ અને ૧૯મી એપ્રિલના રાતના સમયે કોઈ તસ્કરોએ આ ગોડાઉનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ ગોડાઉનનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ અંદરથી વરિયાળી બોરી નંગ ૫૬ વજન ૩૦૮૦ કિલો કિંમત રૂપિયા ૪,૧૫,૮૦૦ અને જીરૂ બોરી નંગ ૧૦ વજન ૬૬૦ કિલો કિંમત રૂપિયા ૯૯,૦૦૦ મળી કુલ રૂપિયા ૫,૧૪,૮૦૦ની કિંમતની મત્તાના મુદ્દામાલની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે ઉનાવા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ખારીબેડી ગામે પતિએ આક્રોશમાં પત્નિને લાફો મારતા પત્નિનું જમીન પર પટકાતા મોત

વિજયનગર તાલુકાના ખારીબેડી ગામે સાસરીમાં મહેમાન આવેલા પોશીના તાલુકાના છોછર ગામના ઈસમે તેની દિકરીના ભાગી જઈ પ્રેમ લગ્ન કરવાના મુદ્દે પત્નિ સાથે તકરાર કરી હતી. જેમાં તેણે પત્નિને લાફો ઝીંકી દેતા તેણી જમીન પર પછડાતા માથાના ભાગે પથ્થર વાગતા તેણીનું ઘટના સ્થળે મોત નિપજયુ હતું. આ બનાવની જાણ વિજયનગર પોલીસ સબ ઈન્સપેકટરને થતાં પોલીસે ઘટના સ્થળે જઈ તપાસ કરી હતી. જે અંગે ઈસમ વિરૂદ્ધ વિજયનગર પોલીસ મથકમાં મૃતકના પિતાની ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ખારીબેડી ગામના મીનાજી સોનાજી તરાળેની દિકરી મણીબેનના લગ્ન સામાજિક રીત-રિવાજ અનુસાર પોશીના તાલુકાના છોછર ગામના લાડુભાઈ જોનાભાઈ ગમાર સાથે કર્યા હતા. લાડુભાઈ તેના પરિવાર સાથે કડિયાદરા ખેડૂત મજૂર તરીકે કામ કરતો હતો. જે પરિવાર સાથે ૨૦-૪-૨૦૧૬ના રોજ સાસરીમાં ખારીબેડી ગામે ગયો હતો. જયાં રાત્રિના દસેક વાગ્યે લાડુભાઈ અને તેની પત્નિ મણીબેન વચ્ચે તેમની દિકરી વર્ષાએ ભાગી જઈને કરેલા પ્રેમલગ્ન બાબતે તકરાર થઈ હતી. જેમાં ઉશ્કેરાયેલા લાડુભાઈએ પત્નિ મણીબેનને પાછળ દોડી મોઢા ઉપર થપ્પડ મારતા મણીબેન જમીન પર પટકાઈ હતી. બચાવવા મણીબેનના પિતા મીનાજી તરાળ તથા તેમની પુત્રવધૂ પુતળીબેને દોડી જઈ જમીન પરથી ઉઠાવતા મણીબેન બેભાન થઈ ગઈ હતી અને ઘટના સ્થળે જ મોત નિપજયુ હતું.



## ખેડબ્રહ્મામાં હનુમાનજી મંદિરોમાં દાદાની જન્મજયંતિ ઉજવાઈ

ખેડબ્રહ્મા શહેરના વિવિધ હનુમાનજી મંદિરોમાં હનુમાન જયંતિ નિમિત્તે પૂજન-અર્ચન તથા મારૂતી યજ્ઞનું આયોજન કરી ભક્તિભાવથી હનુમાન જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ખેડબ્રહ્માના રાધા-કૃષ્ણ મંદિર, હરણાવ નદી કિનારે આવેલા હનુમાનજી મંદિર સહીત મારવાડા-વણજારાવાસ, પંચશીલ વસાહત, વાસણા રોડના હનુમાન મંદિરોમાં દાદાની જન્મ જયંતિ ઉત્સાહભેર અને ભક્તિભાવથી ઉજવવામાં આવી હતી. દાદાના દર્શને હજારોની સંખ્યામાં હનુમાન ભક્તો ઉમટી પડ્યા હતા. રાધા-કૃષ્ણ મંદિરમાં તથા નદી કિનારે આવેલા હનુમાનજી મંદિરમાં મારૂતીયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડબ્રહ્માના કેશરી નંદન મિત્રમંડળ દ્વારા યજ્ઞના યજમાન તરીકે લાભ લીધો હતો. યજ્ઞની પૂર્ણાહુતી બાદ મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી વિપુલભાઈ દ્વારા મારૂતિ યજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો હતો.